**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૨ એપ્રિલ ૨૦૦૯**

## ઉત્તર મુંબઈ ભાજપ ઉમેદવાર શ્રી રામ નાઈક નાં સર્મથનમાં
## ઉત્તર ભારતીયો નો વિશાળ સમુદાય

**મુંબઈ,ગુરૂવાર :** "પત્થર સે પાની ટપકાના સબકે બસકી બાત નહીં હૈ,રણ મેં ફૂલ ખિલાના સબકે બસકી બાત નહીં હૈ,રામ નાઈક બન જાના સબકે બસકી બાત નહીં હૈ," આ મુજબનાં શબ્દો વડે ભાજપનાં ઉત્તર પ્રદેશ ના મહાસચિવ શ્રી મહેન્દ્ર સિંહે લોકપ્રિય ઉમેદવાર શ્રી રામ નાઈકની વિશેષતાઓ વર્ણવી હતી.વંદે માતરમ્ ન ગાવું એવું કહેનારી કોંગ્રેસ ની આકરી ઝાટકણી કાઢતાં શ્રી રામ નાઈકની સંસદમાં વંદેમાતરમ્ શરૂ કરાવી હોવાની બાબતને શ્રી મહેન્દ્ર સિંહે સંભારી હતી."રામસેતુ બચાવી શકતાં નથી,અને અફઝલ ગુરૂને ફાંસી આપી શકતા નથી તેવી કોંગ્રેસ સરકાર માટે જનતામાં આક્રોશ હોવાથી પરિવર્તન નિશ્ચિત છે".તેમપણ શ્રી મહેન્દ્ર સિંહે ગૌશાળા મેદાન,મલાડ ખાતે ઉત્તર મુંબઈના ભાજપ જીલ્હા અયક્ષ,નગરસેવક ઍડ.જ્ઞાનમૂર્તી શર્માના નેતૃત્વમાં આયોજીત વિશાળ ઉત્તર ભારતીય સંમેલનમાં કહ્યું હતું.

ઉત્તર ભારતીય લોકોમાં અજબની લોકપ્રિયતા ધરાવતાં શ્રી રામ નાઈકે આ પ્રસંગે કહ્યું હતું કે "શ્રી અટલજી વડાપ્રધાન હતાં તેવેળાં ૪ રૂ. કિલો મળતાં ઘઉં આજે કોંગ્રસનાં રાજમાં ૨૦ થી ૨૨ રૂ.ની કિમતે પહોંચ્યા છે,મોંઘવારી,મંદી અને ભ્રષટાચારનાં મારથી પ્રજાની કમર ભાંગી ગઈ છે,અનેક સારી યોજનાઓ અભેરાઈ પર ચડાવી દીધી છે, માટે હવે પરિવર્તનની માંગ છે.આ પ્રસંગે શ્રી રામ નાઈક વધુમાં બોલ્યાં હતાં કે પ્રભુ શ્રી રામ સ્વયં ઉત્તર પ્રદેશના અયોધ્યાથી મહારાષ્ટ્રના નાસિક ખાતે પંચવટીમાં આવ્યા હતાં તો આજે આપણે આવર્ષો જૂનો આ સંબંધ યાદ રાખવો જાઈએ કે ઉત્તર ભારતીય પ્રજા રામ ના સમયથી મહારાષ્ટ્ર ખાતે આવતી રહી છે.અને આરીતે આજે મુંબઈ ભારત ની આર્થિક રાજધાની બન્યું તો તેમાં પરરાજયથી મુંબઈ નોકરી ધંધા માટે આવનારાં લોકોનો સિંહફાળો છે."

વિશાળ ઉત્તર ભારતીય મેદનીને સંબોધતાં ભાજપ મુંબઈનાં અધ્યક્ષ અને ધારસભ્ય શ્રી ગોપાળ શેટ્ટીએ કહ્યું હતું કે " કોઈપણ વ્યકતી પોતાનું ઘર છોડી બહાર જવા ઈચ્છતું નથી પરંતુ જે ઉત્તર ભારતીઓ પોતાનો પ્રદેશ છોડી અહીં મુંબઈમાં રોટલા રળવા આવે છે તેમની વિટંબણાઓ સમજી તેમને માનસન્માનની જીંદગી આપવી તે જ આપણું કર્તવ્ય છે."

આ પ્રસંગે ભાજપ મુંબઈનાં મહામંત્રી શ્રી જયપ્રકાશ ઠાકૂરે શ્રી રામ નાઈકે તબેલાં વાળા ઉત્તર ભારતીયો ની સમસ્યાઓ માટે વિધાનસભામાં ઉઠાવેલ અવાજ અને તેનાં નિરાકારણો ,અન્ય પછાત વર્ગમાં ઉત્તર ભારતીય સમાજ નો સમાવેશ કરવાની બાબત યાદ કરી હતી.શ્રી લાલકૃષ્ણ અડવાણી જેવાં સશકત વડાપ્રધાન આજના સમયની માંગ છે માટે લોકતંત્ર નો ઉપયોગ બેલૅટથી કરવાની અને ભાજપને પૂર્ણ બહુમતીથી લાવવાની અપીલ શ્રી જયપ્રકાશ ઠાકૂરે કરી હતી.

તેમજ આપ્રસંગે ભાજપ મુંબઈ ના મહામંત્રી શ્રી આર.યુ.સિંહ,ભાજપ ઉત્તર મુંબઇ જીલ્હાધ્યક્ષ શ્રી યોગેશ સાગર,શ્રી સમશેર સિંહ,ઍડ.જ્ઞાનમૂર્તી શર્માના પણ ભાષણો થયાં હતાં. શ્રી રામ નાઈકનાં સમર્થનમાં ઉમટેલાં હજારો ઉત્તર ભારતીયોના આ સંમેલનમાં સર્વશ્રી ભાજપ મહારાષ્ટ્રના ઉપાધ્યક્ષ  વિજય ભાઈ ગિરકર,મુંબઈનાં મહામંત્રી અતુલ ભાતખળકર,રામબ્રિજ યાદવ,સત્યાનંદ સિંહ,રામજસ ઉપાધ્યાય,પ્રભાગ સમિતી અધ્યક્ષ શિવકુમાર ઝા,ઍડ.જયપ્રકાશ મિશ્રા, ઍડ.રામકૃપાલ ઉપાધ્યાય,અને અનેક ગણમાન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં.

**(વિનોદ શેલાર)**
**પ્રચાર પ્રસિધ્ધી પ્રમુખ**
**મોબાઇલ ક્રમાંક. 9867689540**